Vibrant GUJARAT 2017

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૩૦૩ | ૧૩ જાન્યુઆરી, ૨૦૧૭, શુક્રવાર ; પોષ વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ઉત્તર ભારતમાં કાતિલ ઠંડી

## માઉન્ટ આબુમાં માઈનસમાં તાપમાન : દિલ્હીમાં ૨ ડિગ્રી : અમૃતસરમાં ૧ ડિગ્રી તાપમાન : હિમાચલ, કાશ્મીરમાં હિમવર્ષા : સ્કુલોમાં રજા લંબાવાઈ



નવી દિલ્હી,તા. ૧૨

સમગ્ર ઉત્તર ભારતમાં કાતિલ ઠંડીનુ મોજુ ફરી વળ્યુ છે. ઠંડીના કારણે જનજીવન ખોરવાઈ ગયુ છે. આગામી દિવસોમાં ઠંડીના કારણે કોઈ રાહત મળે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. બીજી બાજુ હિમાચલપ્રદેશ અને કાશ્મીરના ઉંચાણવાળા વિસ્તારમાં ભારે હિમવર્ષા થઈ છે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. હિમાચલ પ્રદેશ અને જમ્મુ કાશ્મીર તેમજ ઉત્તરાખંડમાં જુદા જુદા વિસ્તારમાં ભારે હિમવર્ષા જારી રહી છે જેથી જનજીવન પર માઠી અસર થઈ છે. લોકો ફસાયા પણ છે. ચારેબાજુ બરફની ચાદર જોવા મળી રહી છે. બીજી બાદુ દિલ્હી સહિતના કેટલાક ભાગોમાં ધુમ્મસની સાથે સાથે વરસાદ પડી શકે છે. ૧૫મી જાન્યુઆરી બાદ વરસાદ પડવાની આગામી કરવામાં આવી છે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં તાપમાન નીચે પહોંચી ગયુ છે. હવામાન વૈજ્ઞાનિકોએ ચેતવણી આપતા કહ્યુ છે કે દિલ્હીના પડોશી રાજ્યો ઉત્તર પ્રદેશ, હરિયાણા અને રાજસ્થાન સહિતના કેટલાક ભાગોમાં કાતિલ ઠંડીનો ચમકારો જોવા મળી શકે છે. છેલ્લા બે ત્રણ વર્ષમાં પ્રથમ વખત દિલ્હીમાં હવામાનમાં સતત ફેરફારની સ્થિતી જોવા મળી રહી છે. એકબાજુ હિમાચલના કેટલાક ભાગોમાં હિમવર્ષાના કારણે બરફની ચાદર છે તો કેટલાક ભાગોમાં ધુમ્મસની ચાદર છવાયેલી છે. આના કારણે સામાન્ય લોકો પરેશાન થયેલા છે. ધુમ્મસના કારણે સાવચેતીના પગલા રૂપે ટ્રેનોના કાર્યક્રમમાં ફેરફાર કરવાની ફરજ પડી રહી છે. અનેક ટ્રેનો લેટ છે. જ્યારે ઘણી ફલાઈટ પણ લેટ છે. દિલ્હીમાં ધુમ્મસની સ્થિતી સૌથી વધારે જોવા મળી રહી છે. આ મહિનાની શરૂઆતથી સતત છવાયેલા રહેલા ધુમ્મસના પગલે વાહન વ્યવહાર ઉપર તેની ગંભીર અસરો જોવા મળી છે. સ્થિતીમાં

● અનુસંધાન પાન-૭ પર

# ભારતીય વાર્ષિક હજ ક્વોટામાં વિક્રમ વધારો

## ક્વોટાને ૧.૩૬ લાખથી વધારીને ૧.૭૦ લાખ કરાયો

નવી દિલ્હી,તા. ૧૨

ભારતીય મુસ્લિમ સમુદાયના લોકોને સૌથી મોટી રાહત મળી ગઈ છે. કારણ કે સાઉદી અરેબિયાની સરકારે ભારતીય મુસ્લિમ સમુદાયના લોકો માટે ભારતના હજ ક્વોટામાં છેલ્લા ૨૯ વર્ષમાં સૌથી મોટો વધારો કરી દીધો છે. ભારતના વાર્ષિક હજના ક્વોટાને ૧.૩૬ લાખથી વધારીને હવે ૧.૭૦ લાખ કરી દેવામાં આવ્યો છે. કેન્દ્ર સરકારની મોટી રાજદ્વારી સફળતા તરીકે પણ આને જોવામાં આવે છે. સાઉદી અરેબિયા સરકાર દ્વારા છેલ્લા ૨૯ વર્ષમાં સૌથી વધારે વધારો કર્યો છે. કેન્દ્રિય પ્રધાન મુખ્તાર અબ્બાસ નકવી દ્વારા આની જાહેરાત કરવામાં આવી છે. લઘુમતી બાબતોના રાજ્યપ્રધાન મુખ્તાર અબ્બાસ નકવી અને સાઉદી સરકાર દ્વારા સમજુતી પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. સાઉદી અરેબિયાના હજ પ્રધાન દ્વારા સમજુતી પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. વર્તમાન વર્ષથી જ હજ ક્વોટામાં કરવામાં આવેલા વધારાને અમલી કરવામાં આવનાર છે.

# CISF જવાન દ્વારા સાથીઓ પર ગોળીબાર

## આડેધડ ગોળીબારમાં ચારના મોત : બિહારના ઓરંગાબાદમાં બનેલી ઘટનાથી ભારે સનસનાટી : રજા નહીં મળવાના કારણે નબીનગર સ્થિત એનટીપીસીના પાવર સ્ટેશનમાં ફરજ બજાવતા જવાને કરેલો ગોળીબાર

ઓરંગાબાદ, તા.૧૨

બિહારના ઓરંગાબાદમાં સીઆઈએસએફ (સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી ફોર્સ)ના એક જવાને આજે પોતાના સાથીઓ ઉપર અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. આ ગોળીબારમાં ચાર જવાનોના મોત થઈ ગયા હતા અને અન્ય કેટલાક ઘાયલ થઈ ગયા હતા. સાથીઓ ઉપર કરવામાં આવેલા ગોળીબારના કારણે બે જવાનોના તો ઘટના સ્થળે મોત થઈ ગયા હતા. જ્યારે અન્ય બે જવાનને ઘાયલ સ્થિતિમાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા બાદ તેમના મોત થયા હતા. હાલમાં આ ઘટનાના સંદર્ભમાં કોઈ સત્તાવાર માહિતી આપવામાં આવી રહી નથી. સાથે સાથે ગોળીબારને લઈને કારણ પણ આપવામાં આવી રહ્યું નથી પરંતુ ઉંડી તપાસ હાથ ધરવામાં આવી છે. મીડિયા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે રજા મંજુર નહીં થવાના કારણે આ જવાન ખૂબ નિરાશ હતો અને નારાજ

● અનુસંધાન પાન-૭ પર




# અંતે બીજી સ્કોર્પિયન ક્લાસ સબમરીન ખંડેરી લોન્ચ

મુંબઈ,તા. ૧૨

સ્કોર્પિયન ક્લાસની બીજી સબમરીન આઈએનએસ ખંડેરીને આજે લોંચ કરવામાં આવ્યા બાદ ભારતની તાકાતમાં વધારો થયો છે. બીજી સ્કોર્પિયન ક્લાસ સબમરીન લોન્ચ કરવામાં આવી ચકી છે. મજગાંવ ડોક લિમિટેડ શિપયાર્ડ ખાતે આયોજીત કાર્યક્રમમાં સંરક્ષણ રાજ્ય મંત્રી સુભાષ ભામરે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે કહ્યું હતું કે હવે એ દિવસ દુર નથી જ્યારે અમે બીજા દેશો માટે પણ સબરમરીન બનાવવા માટે સક્ષમ બની જઈશું. આ સબમરીનને ડિસમ્બર ૨૦૧૭ સુધી અનેક પ્રકારના મુશ્કેલરૂપ ટેસ્ટમાંથી પસાર થવાની જરૂર પડશે. સ્કોર્પિયન ક્લાસ સબમરીન ડિઝલ અને વીજળીથી ચાલે છે. મુખ્ય રીતે તેનો ઉપયોગ યુદ્ધમાં હુમલા માટે કરવામાં આવે છે. આઈએનએસ ખંડેરીમાં દુશ્મનોથી બચવા માટે સ્ટીલ્થ ફીચર છે.




